## કતવારા ગામે ઈન્દોર-ગોધરા નેશનલ હાઈવે પર ₹1.81 કરોડના વિદેશી દારૂ સાથે ટ્રેલર ઝડપાયું

**દાહોદ LCBની** ઐતિહાસિક કાર્યવાહી: રાજસ્થાનના ડ્રાઈવરની ધરપકડ



(પ્રતિનિધિ) દાહોદ, તા.25

દાહોદ લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા કતવારા ગામ પાસે નેશનલ હાઈવે પરથી 1.81 કરોડનો વિદેશી દારૂ ભરેલી ટ્રેલર પકડી પાડી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા જિલ્લામાં પ્રોહીબિશનની અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર કડક અંકુશ લાવી સદંતર નેસ્તનાબૂદ કરવા માટે લીસ્ટેડ પ્રોહી બુટલેગરો તેમજ મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યમાંથી ગેરકાયદેસર દારૂની હેરાફેરી/પરિવહન કરતા ઈસમો ઉપર સતત વોચ ગોઠવવા તથા તેમના આશ્રયસ્થાનો ઉપર રેઈડ કરી કાર્યવાહી કરવા માટે દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સૂચનાઓના અનુસંધાને એલસીબીના પો.ઈન્સ્પેક્ટર એસ.એમ. ગામેતીના માર્ગદર્શન હેઠળ સ્ટાફની જુદી-જુદી ટીમોએ બુટલેગરો ઉપર વોચ ગોઠવી માહિતી એકત્રિત કરવાની કામગીરીમાં કાર્યરત હતી.

દરમિયાન પો.ઈન્સ્પેક્ટર ડી.આર. બારૈયા, પો.સબ ઈન્સ્પેક્ટર આર.વી. રાઠોડ તથા એલ.સી.બી. ટીમ કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. તે સમયે ઈન્દોરથી ગોધરા તરફ જતા ઈન્દોર-ગોધરા નેશનલ હાઈવે પર કતવારા ગામ નજીક વાહન ચેકિંગ દરમિયાન એલ.સી.બી. ટીમને વિશ્વસનીય બાતમી મળી હતી કે એક ટાટા કંપનીનું બંધ બોડીનું ટ્રેલર, રજીસ્ટ્રેશન નંબર RJ14GG5160, મધ્યપ્રદેશના પીટોલથી નીકળેલું છે અને તેમાં ચોખાના ભરેલા થેલાઓની આડમાં ભારતીય બનાવટના વિદેશી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલો છે, જે ગોધરા તરફ લઈ જવામાં આવી રહ્યો છે.

આ બાતમીના આધારે એલસીબી. ટીમે આયોજનબદ્ધ અને વ્યૂહાત્મક રીતે વોચ ગોઠવી ટ્રેલરને અટકાવ્યું હતું. ટ્રેલરની તપાસ કરતા ચોખાના ભરેલા થેલાઓ (કટ્ટા)ની નીચે છુપાવેલ ભારતીય બનાવટના વિદેશી ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ-1039, જેમાં કુલ 25,056 બોટલો, મળી આવી હતી. આ દારૂની અંદાજિત કિંમત રૂ. 1,60,40,400/- થવા પામે છે.

ટ્રેલર ચલાવતા ઈસમને તાત્કાલિક ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને કતવારા પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબિશનનો ગણનાપાત્ર ગુનો નોંધવામાં આવ્યો છે.

શહેરા પંથકમાં લાકડાના ગેરકાયદે વેપાર સામે વન વિભાગની કાર્યવાહી

## શહેરા વન વિભાગે લાકડા ભરેલી 3 ટ્રકો ઝડપી પાડી



(પ્રતિનિધિ) ગોધરા, તા.25

શહેરા પંથકમાં લાકડાની ગેરકાયદે હેરફેરને લઈ વન ભાગે કાર્યવાહી હાથ ધરી છે.

શહેરા વન વિભાગના પરીક્ષેત્ર વન અધિકારી આર.વી. પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેરા વન વિભાગના સ્ટાફ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલી તપાસમાં ગેરકાયદેસર લાકડાની હેરાફેરી કરતા ત્રણ ટ્રકો ઝડપી પાડવામાં આવ્યા છે. પ્રથમ કિસ્સામાં બોડીદ્રાખુર્દ નકોડી ચોકડી પાસે નાકાબંધી દરમિયાન ટ્રક નં GJ 18 U 6471 ને વગર પાસ પરમિટના પંચરાઉં લાકડા સાથે અટકાવી 4,50,000 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં રા.ફો. કે.ડી. ગઢવી અને તેમની ટીમ હાજર હતી. તેવી જ રીતે, હોસેલાવ થી કોઠંબા રોડ પર જાલમ બારીયાના મુવાડા પાસેથી પસાર થતી ટ્રક નં GJ 16 V 4882 ને પણ વગર પરમિટના લાકડા સાથે ઝડપી પાડી 4,40,000 નો મુદ્દામાલ કબજે કરાયો હતો, જેમાં શહેરા અને ગુણેલી રાઉન્ડનો સ્ટાફ જોડાયો હતો. ત્રીજી કાર્યવાહીમાં ડેમલી થી આંબાજટી રોડ પર પેટ્રોલિંગ દરમિયાન લીલા તાજા પંચરાઉ લાકડા ભરેલી ટ્રક નં GJ 27 T 7385 ને અટકાવી અંદાજે 4,25,000 નો મુદ્દામાલ સરકાર હસ્તક લેવામાં આવ્યો હતો. આમ, વન વિભાગે કુલ 13,15,000 ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ અર્થે શહેરા રેન્જ કચેરી ખાતે મૂક્યો છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

### ગતિવિધિ

#### લીમખેડા તાલુકા કક્ષાનુ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન મોટા હાથીધરા શાળામાં યોજાયું




**લીમખેડા ।** GCERT ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ માર્ગદર્શિત તથા તાલુકા શિક્ષણ સમિતિ,લીમખેડા અને બી. આર.સી. ભવન,લીમખેડા દ્વારા આયોજિત લીમખેડા તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન દાહોદ જિલ્લાના લોકલાડીલા સાંસદ શ્રી માનનીય જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં મોટા હાથીધરા ખાતે યોજાયું.બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનો મુખ્ય વિષય: આત્મનિર્ભર અને વિકસિત ભારત માટે STEM અંતર્ગત મુખ્ય પાંચ વિભાગોમાં કુલ 85 જેટલી શાળાઓમાંથી 85 કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી ધોરણ ૧થી૭ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ દ્વારા વૈજ્ઞાનિક ઢબે પોતાના હાથથી કૃતિ ઓ બનાવી તેને ઉપસ્થિત મેહમાનો સમક્ષ રજૂ કરી તેમજ કૃતિઓ વિશે ની સુંદર માહિતી આપી હતી. મુખ્ય મહેમાન તરીકે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં લીમખેડા ધારાસભ્ય શૈલેષભાઇ ભાભોર હાજર રહ્યા હતા.

#### લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે તુલસી પૂજન દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ




**લીમખેડા ।** લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે તુલસી પૂજન દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળા ના બાળકો દ્વારા તુલસીજી નું મહત્વ સમજાવતા વિવિધ સ્પીચ રજૂ કરી હતી અને તુલસીજીના ગીતો પર ડાન્સ રજૂ કરી સમગ્ર વાતાવરણ નર ભક્તિમય બનાવી દીધું હતું કાર્યક્રમ માં ૧૦૮ મહંતશ્રી ઋષિકેશદાસ સાહેબ ,સાલીયા મંદિર, હસ્તેશ્વર મહાદેવ મંદિર ના મહંતશ્રી તિરંતપુરી મહારાજ સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ હિન્દુ પ્રદેશ પ્રચારક ના અધ્યક્ષ રિકેશભાઈ સંસ્થાના સહ મંત્રી સામાભાઈ તેમજ રાકેશભાઈ ભરવાડ સહિત મોટી સંખ્યામાં વાલીઓ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહંત ઋષિકેશદાસજી સાહેબ દ્વારા તુલસીનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે તુલસી આપણા સ્વસ્થ શરીર માટે ખૂબ જ મહત્વનું ઔષધિ છે અને દરેક બાળકોએ પોતાના ઘરે એક તુલસી નો છોડ જરૂર લગાવવો જોઈએ.

#### દાહોદમાં પી.એમ. વિશ્વકર્માનાં લાભાર્થી માટે અવરનેસ પ્રોગ્રામનું આયોજન




**દાહોદ ।** દાહોદમાં એમ.એસ.એમ.ઈ દ્વારા ડબગર સમાજ ની વાડી માં પી.એમ વિશ્વકર્મા નાં લાભાર્થી માટે અવરનેસ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એમ.એસ. એમ.ઈ ના ડાયરેક્ટર રાજેશ કુમાર અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,દાહોદ ના અધિકારી વિનોદભાઈ અને વિપુલ પટેલ અને સત્યમભાઈ પરમાર અને હીરાલાલ સોલંકી હાજર રહી ઉપસ્થિત લાભાર્થીઓ ને માર્ગ દર્શન આપી વધુમાં વધુ પી.એમ.વિશ્વકર્મા યોજના અંતર્ગત લાભ લઈ સ્વદેશી વસ્તુઓનું ઉત્પાદન વધારી દેશના વિકાસ મા સહભાગી બનવા અનુરોધ કરાયો હતો.

## પાંચમહુડી ગામના યુવકનો મૃતદેહ રૂપાપુરા પાસે નર્મદા મુખ્ય કેનાલમાંથી મળી આવ્યો

**હાલોલ તાલુકામાં** શોકજનક બનાવ





(પ્રતિનિધિ) હાલોલ, તા.25

હાલોલ તાલુકાના અભેટવા પાંચમહુડી ગામના એક યુવાનનો મૃતદેહ રૂપાપુરા ગામ નજીકથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી મળતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. બનાવ અંગે હાલોલ ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પાંચમહુડી ગામના મંદિર ફળિયામાં રહેતા મુકેશભાઈ મહેશભાઈ પરમાર (ઉંમર 21) મંગળવારના રોજ ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ સાંજના સુમારે હાલોલના રૂપાપુરા ગામ પાસેની નર્મદા મુખ્ય કેનાલમાં કોઈ અગમ્ય કારણોસર તેઓ કૂદી પડ્યા હોવાની આશંકા છે. બનાવની જાણ થતાં પરિવારજનો અને ગામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક હાલોલ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ફાયર ફાઈટર ટીમે મોડી રાત સુધી કેનાલમાં શોધખોળ કરી હતી, પરંતુ યુવકનો કોઈ પતો લાગ્યો ન હતો. સવારે ફરીથી સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને કલાકોની ભારે જહેમત બાદ મુકેશભાઈ પરમારનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.

બનાવ અંગે હાલોલ રૂરલ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હાલોલ સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોસ્ટમોર્ટમ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો છે. યુવકે આ પ્રકારનું પગલું શા માટે ભર્યું તે અંગે હાલ કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી. આ ઘટનાના તમામ પાસાઓ અંગે પોલીસે તપાસ શરૂ કરી છે અને આગળની કાર્યવાહી તપાસના પરિણામો આધારે હાથ ધરવામાં આવશે.

## હાલોલમાં વિહિપ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો




(પ્રતિનિધિ) હાલોલ, તા.25

બાંગ્લાદેશમાં છેલ્લા થોડાક સમયથી જે રાજકીય અસ્થિરતા ઉભી થઈ છે, તે માટે ત્યાંની મોહમ્મદ યુનુસની અંતરીમ સરકારે ભારત અને હિંદુઓ જવાબદાર છે, તે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યા પછી આખા બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ એક જુવાળ ઉભો થયો છે. ધાર્મિક મંદિરો, હિંદુના મકાન, દુકાનોને જેહાદીઓ દ્વારા નિશાન બનાવવાની શરૂઆત થઈ હતી. હિન્દૂ યુવકની બેરહેમી થી હત્યા કરી તેના મૃતદેહ ને વૃક્ષ ઉપર લટકાવી સળગાવી દેવામાં આવ્યો હોવાની ઘટના બાદ ભારતભરના હિન્દુઓમાં જનાક્રોશ ઉઠ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આ સમગ્ર ઘટના અંગે વિરોધ પ્રદર્શન યોજવામાં આવી રહ્યા છે. બાંગ્લાદેશમાં વસતા હિંદુઓની સુરક્ષા માટે મોદી સરકારે કડક હાથે કાર્યવાહી કરવાની થાય તો તે પણ કરવું જોઈએ તેમ જણાવતા આજે હાલોલ વીએચપી દ્વારા મોહમ્મદ યુનુસ નું પૂતળું સદગાવ્યું હતું.

## ગોધરા સહિત જિલ્લાભરમાં નાતાલ પર્વની ભવ્ય ઉજવણી

**દેવળો** પ્રભુ ઈસુના જન્મોત્સવના હર્ષોલ્લાસ સાથે ગુંજી ઉઠ્યા



(પ્રતિનિધિ) ગોધરા, તા.25

ગોધરા શહેર સહિત સમગ્ર પંચમહાલ જિલ્લામાં આજે ખ્રિસ્તી સમાજ દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મદિવસ 'નાતાલ'ની પરંપરાગત આસ્થા અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ શહેરના ઈલોહિમ મેથોડિસ્ટ ચર્ચ, સેન્ટ્રલ મેથોડિસ્ટ ચર્ચ અને મધર મેરી કેથોલિક ચર્ચ સહિતના વિવિધ દેવળોમાં ખ્રિસ્તી બિરાદરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સવારે યોજાયેલી વિશેષ પ્રાર્થના સભાઓમાં પ્રભુ ઈસુએ આપેલા પ્રેમ, શાંતિ અને ક્ષમાના સંદેશનું ગાન કરવામાં આવ્યું હતું અને શ્રદ્ધાળુઓએ એકબીજાને 'મેરી ક્રિસમસ' કહી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ અવસરે ચર્ચ અને ઘરોમાં પ્રભુ ઈસુના જન્મની ઝાંખી કરાવતા કલાત્મક પ્રતીકાત્મક ગભાણ તૈયાર કરવામાં આવ્યા હતા, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. નાતાલના પર્વ નિમિત્તે બજારોમાં પણ કેકની ભારે માંગ જોવા મળી હતી અને ખ્રિસ્તી પરિવારોએ ફટાકડા ફોડીને ખુશીઓ મનાવી હતી. ઉત્સવની સાથે સેવાકાર્યને જોડતા વિવિધ મંડળો દ્વારા જરૂરિયાતમંદોને અનાજ, કપડાં અને મીઠાઈનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ગોધરા ડિસ્ટ્રિક્ટના ડી.એસ. રેવ. આશિષ રાઠોડના માર્ગદર્શન હેઠળ આયોજિત આ ઉજવણીના કાર્યક્રમો આગામી 1લી જાન્યુઆરી સુધી ચાલશે, જેના કારણે સમગ્ર જિલ્લામાં અત્યારથી જ નવા વર્ષ સુધીનો ઉત્સાહમય માહોલ જોવા મળી રહ્યો છે.

ઝાલોદના મુવાડ અને દેવજીની સરસવાણીના ગામના યુવકે જીવ ગુમાવ્યો

## સુખસર પાસે વાહન ટક્કરે સ્કુટર પર સવાર બેના મોત



( પ્રતિનિધિ) સુખસર,તા.25

સુખસર નજીક લખણપુર હાઈવે માર્ગ ઉપર મોપેડ સવાર બે યુવાનોને અજાણ્યા વાહને ટક્કર મારતાં સર્જાયેલા અકસ્માતમાં બે યુવકના મોત નિપજ્યાં હતાં.

ઝાલોદ તાલુકાના દેવજીની સરસવાણી કોટવાળ ફળિયામાં રહેતા અજય ભાઈ બદીયાભાઈ સંગાડા(ઉંમર વર્ષ 22)તથા તેના મિત્ર વિશ્વાસ કુમાર દિનેશભાઈ વસૈયા(ઉંમર વર્ષ 19)રહે. ઝાલોદ મુવાડા,ભોજા ફળિયા નાઓ બુધવારના રોજ સુખસર ખાતે કોઈ કામ અર્થે આવી પરત સાંજના ચારેક વાગ્યાના અરસામાં ઝાલોદ તરફ જવા નંબર વગરની ટી.વી.એસ જ્યુપિટર મોપેડ ઉપર જઈ રહ્યા હતા. સંતરામપુરથી ઝાલોદ જતા હાઈવે માર્ગ ઉપર લખણપુર ટેકરી બસ સ્ટેશન પાસેથી પસાર થઈ રહ્યા હતા તેવા સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેના કબજાના વાહનને પુરપાટ અને ગફલાત ભરી રીતે હંકારી લાવી અજયભાઈ તથા વિશ્વાસ ભાઈને અડફેટમાં લઈ અકસ્માત નોતર્યો હતો. જેમાં આ બંને યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યા મોત નિપજ્યાં હતાં. આ અકસ્માત નોતરનાર અજાણ્યો વાહન ચાલક સ્થળ ઉપરથી પોતાના વાહનને લઈ ફરાર થઈ જવા પામ્યો હતો.

આ અકસ્માત સંદર્ભે મૃતક અજયના મોટાભાઈ સંજયભાઈ બદીયાભાઈ સંગાડાએ સુખસર પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કર્યો હતો. જ્યારે મૃતક અજયભાઈ તથા વિશ્વાસભાઈના મૃતદેહને દાહોદ હોસ્પિટલ ખાતે પી.એમ બાદ કબજો તેમના વાલીઓને સોંપી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

## હાલોલના પાવાગઢ રોડ પર આવેલ ચર્ચ ખાતે નાતાલ પર્વની ઉજવણી



(પ્રતિનિધિ) હાલોલ, તા.25

હાલોલ શહેરના પાવાગઢ રોડ પર આવેલ જાંબુડી ખાતે બેઉલ્લાહ મેથોડીસ્ટ ચર્ચ ખાતે આજે ગુરુવારના રોજ પાળક રૅવ સુરેશ ખ્રિસ્તી સાહેબની આગેવાનીમાં તમામ ખ્રિસ્તી સમુદાયના લોકોએ નાતાલ પર્વની ઉજવણી આનંદ ઉત્સાહના વાતાવરણમાં કરી હતી.25મી ડિસેમ્બર આજે ગુરુવારના રોજ સમગ્ર વિશ્વમાં ક્રિસમસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. નાતાલ એ ખ્રિસ્તીઓનો મુખ્ય અને સૌથી મોટો તહેવાર છે. ખ્રિસ્તી ધર્મના લોકો નાતાલને ભગવાન ઈસુના જન્મદિવસ તરીકે ઉજવે છે.જેને લઈ આજે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ખ્રિસ્તી સમુદાયના ભાઈ બહેનોએ સુંદર ગીતો બાઈબલના પવિત્ર વચનો અને ઉપદેશ અને ક્રિસમસ કાર્યક્રમો દ્વારા નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.જ્યારે ફાધર પાળક રૅવ સુરેશ ખ્રિસ્તી સાહેબ દ્વારા ઈસુ ખ્રિસ્તના જીવન ચરિત્ર આધારિત ધર્મ ઉદ્દેશ પ્રેમ આણંદ શાંતિ સુખાકારીના આશીર્વાદની ઉપદેશ આપ્યો હતો. ત્યારબાદ પ્રજા સેવા તેમજ એકબીજા સાથે હસ્ત વંદન કરી એકબીજા સાથે મોટી સલામી પાઠવવામાં આવી હતી.

## પઢીયારમાં ભ્રષ્ટાચારના આક્ષેપ તંત્રના ખોટા રિપોર્ટની પોલ ખુલી

**તંત્રના સફાઈના** પોકળ દાવાઓ વચ્ચે રસ્તા પર ગંદકી અને પાણીનું સામ્રાજ્ય



(પ્રતિનિધિ) ગોધરા, તા.25

પંચમહાલ જિલ્લાના પઢીયાર ગામે સ્વચ્છતા મિશન અને નળ સે જળ યોજનાના અમલીકરણમાં ગંભીર અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે ગ્રામજનોએ છેક દિલ્હી સુધી લડત લંબાવી છે.

જાગૃત નાગરિક કાનાભાઈ રામાભાઈ પરમાર અને ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે એક તરફ પ્રધાનમંત્રી સ્વચ્છ ભારતનું સપનું સાકાર કરવા મથી રહ્યા છે ત્યારે બીજી તરફ સ્થાનિક તંત્રની બેદરકારી અને ભ્રષ્ટાચારને કારણે આ સપનું પઢીયાર ગામમાં રોળાઈ રહ્યું છે.

ગ્રામજનો દ્વારા અગાઉ કરવામાં આવેલી ફરિયાદોના જવાબમાં સ્થાનિક તંત્રએ બધું જ બરાબર છે અને સફાઈ થઈ ગઈ છે. તેવો રિપોર્ટ મોકલ્યો હતો. જોકે, અરજદારે 25 ડિસેમ્બરના રોજ પાડેલા તાજા જીપીએસ મેપ વાળા ફોટોગ્રાફ્સ સાથે દિલ્હીના જલ શક્તિ મંત્રાલયમાં પુરાવા રજૂ કરી તંત્રના જૂઠાણાની પોલ ખોલી નાખી છે. આ ફોટાઓમાં રસ્તાઓ પર આજે પણ ગંદકી અને વહેતા પાણીનું સામ્રાજ્ય સ્પષ્ટપણે દેખાય છે.

આ રજૂઆતમાં જણાવાયું છે કે 'નળ સે જળ' યોજના હેઠળ 300 ફૂટના બોરની મંજૂરી સામે માત્ર 50-60 ફૂટનો બોર કરી આર્થિક ગેરરીતિ આચરવામાં આવી છે. પરિણામે ગ્રામજનો અશુદ્ધ પાણી પીવું પડે છે, જે તેમના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો છે. વધુમાં, શૌચાલયોમાં સોસ ખાડાના અભાવે તે ખંડેર બની ગયા છે. સ્થાનિક તંત્ર પોતાની નિષ્ફળતા છુપાવવા ઉપરની કક્ષાએ ખોટા રિપોર્ટિંગ કરી રહ્યું છે.

## ગોધરામાં ઘર આંગણે પાર્ક કરેલી કારની ચોરી

(પ્રતિનિધિ) ગોધરા, તા.25

ગોધરા શહેરના સાયન્સ કોલેજ રોડ પર આવેલી શિવ જ્યોતિ સોસાયટીમાં રહેતા સુરેશભાઈ કોડુમલ રાવલાણીએ પોતાની કાર નંબર GJ 17 BN 2692 23મીની રાત્રે ઘરની બહાર પાર્ક કરી હતી. જે રાત્રિના સુમારે ચોરી થઇ ગઇ હતી. આ સમગ્ર ઘટના પડોશમાં રહેતા અમિતભાઈ લુહાણાના ઘરની બહાર લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. જે આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ **ટેલર ધર્મેશકુમાર હસમુખભાઈ** હતુ જે બદલીને નવુ નામ **ધર્મેશ હસમુખભાઈ દરજી** રાખેલ છે.મું સી ૩/૪૧,જૂની સી ટાઈપ, આર.કે. દેસાઈ કોલેજ પાસે, જીઆઇડીસી, વાપી વલસાડ, પીન ૩૯૬૧૯૫, ગુજરાત.